સ.શિ.પ. / જુલાઈ ૯૯ / ૨,૫૦૦

# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

## સત્સંગ શિક્ષણ પરીક્ષા

## સત્સંગ પ્રવીણ

## પ્રશ્નપત્ર - ૧

**સવારે ૯ થી ૧૨]** (રવિવાર, ૧૮ જુલાઈ, ૧૯૯૯) કુલ ગુણ : ૧૦૦

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**

(વિભાગ - ૧ શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના)

**પ્ર.૧. નીચેનામાંથી કોઈ પણ બે વિષયોના સંદર્ભમાં શાસ્ત્રનાં ત્રણ-ત્રણ પ્રમાણ આપો.** ૬

૧. સર્વોપરી નિષ્ઠાની આવશ્યક્તા.
૨. મોક્ષ માટે પ્રગટ ભગવાન કે પ્રગટ સંત.
૩. શ્રીજીમહારાજ - સર્વ કર્તાહર્તા.
૪. સાકાર સ્વરૂપમાં મહારાજની રુચિ.

**પ્ર.૨. નીચેનામાંથી કોઈ પણ બે પ્રસંગો વર્ણવી સિદ્ધાંત લખો. (બારેક લીટીમાં)** ૮

૧. વડતાલમાં અઢાર ગોદડીઓનો ભાર.
૨. ''કાલા પહન કે ભી સ્વામી કો અક્ષર કહુંગા.''
૩. પર્વતભાઈને થયેલ ચોવીસ અવતારનાં દર્શન.
૪. સત્સંગિજીવન ગ્રંથની રચનાનો પ્રસંગ.

**પ્ર.૩. નીચેનામાંથી કોઈ પણ બે વિષયનું વિવરણ લખો. (બારેક લીટીમાં)** ૮

૧. શ્રીજીમહારાજ સર્વોપરી - સ્વામીની વાતોને આધારે.
૨. ગુણાતીત સંતનો મહિમા - પરમહંસો તેમજ પરોક્ષ કવિઓનાં પદોમાં.
૩. ભગવાન સાકાર કેવી રીતે ?
૪. ઉપાસના એટલે શું ?

**પ્ર.૪. નીચેનામાંથી કોઈ પણ બે વિષે કારણો આપો. (બારેક લીટીમાં)** ૮

૧. ભગવાનને નિરાકાર ન સમજવા જોઈએ.
૨. સ્વામીએ ત્રીજું ફૂલ અચિંત્યાનંદ બ્રહ્મચારીને આપ્યું.





૩. ગુણાતીતાનંદ સ્વામીને વસ્ત્ર, અલંકાર વગેરે ધરાવી શકાય.
૪. મહારાજે અંત સમયે ગુણાતીતાનંદ સ્વામીને જૂનાગઢ પાછા ન મોકલ્યા.

પ્ર.૫. ઉપાસનામાં શું ન સમજવું ? ૮

પ્ર.૬. શિક્ષાપત્રીમાં બ્રહ્મવેત્તાના ધ્યાનનો નિષેધ છે, તો સત્પુરુષનું ધ્યાન થાય ? ૫

**પ્ર.૭. નીચેનામાંથી કોઈ પણ એક વિષય પર વિસ્તારથી નોંધ લખો.** ૫

૧. શ્રીજીમહારાજ અંતર્ધાન થયા પછી પ્રગટપણું કેવી રીતે ?
૨. મોક્ષમાર્ગમાં અક્ષરબ્રહ્મની આવશ્યક્તા.
૩. ધામમાં અને પૃથ્વી પર બંને ઠેકાણે સદા સાકાર.

(વિભાગ-૨ સત્સંગ વાચનમાળા ભાગ-૩ તથા પ્રેરણામૂર્તિ પ્રમુખસ્વામી મહારાજ)

**પ્ર.૮. નીચેનામાંથી કોઈ પણ બે વિધાનો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** ૬

૧. ''હું તારા અંતરની કળતર મટાડીશ.''
૨. ''કણબીનાં છોકરાં ને કૂકડાં ભૂખે ન મરે.''
૩. ''શિવા ! તારું ધ્યાન તારી પાસે રાખ.''
૪. ''મારી આજ્ઞા તમે સૌ પાળતા તેમ હવેથી એમની આજ્ઞામાં રહેજો.''

**પ્ર.૯. નીચેનામાંથી કોઈ પણ બે વિષે કારણો આપો. (બારેક લીટીમાં)** ૮

૧. નિત્યાનંદ સ્વામીને થયું, 'આ તો મુક્તાનંદ સ્વામી જ સહન કરે.'
૨. નિષ્કુળાનંદ સ્વામી પોટલાં બાંધી જવા તૈયાર થયા.
૩. અરદેશરજી રઘુવીરજી મહારાજનો મહિમા સમજ્યા.
૪. પ્રમુખ સ્વામી મહારાજનાં કપડાં ભીનાં હોવા છતાં શાસ્ત્રીજી મહારાજ ભેટ્યા.

**પ્ર.૧૦. નીચેનામાંથી કોઈ પણ બે વિષયનું મુદ્દાસર વિવરણ લખો.** ૮

૧. શિવલાલનો દૃષ્ટિ સંયમ.
૨. ગોપાળાનંદ સ્વામીનો ત્યાગ - વૈરાગ્ય.
૩. મુક્તાનંદ સ્વામીનો ખપ.
૪. બાળસ્નેહી - પ્રમુખસ્વામી મહારાજ.

**પ્ર.૧૧. નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો.** ૬

૧. ગુણાતીતાનંદ સ્વામીએ કોને દરિયા જેવા કહ્યા ?
૨. મુક્તાનંદ સ્વામીએ સ્ત્રીઓ માટે બનાવેલ બે ગ્રંથોનાં નામ આપો.
૩. કુંશળકુંવરબાએ મહારાજને ક્યો પ્રશ્ન પૂછ્યો?

૪. છૂટી ધારે ઘી પીરસતા મહારાજને જોઈ પર્વતભાઈ શું બોલ્યા ?
૫. રઘુવીરજી મહારાજે બ્રહ્મચારી અચિંત્યાનંદ પાસે કયો ગ્રંથ કરાવ્યો ?
૬. પ્રમુખસ્વામી મહારાજને પાર્ષદ દીક્ષા કયાં, કોણે, ક્યારે આપી ?

**પ્ર.૧૨. નીચેનામાંથી કોઈ પણ એક પ્રસંગ વર્ણવી ટૂંકમાં ભાવાર્થ લખો.**
**(બારેક લીટીમાં)** ૪

૧. કુંશળકુંવરબાને પ્રગટ ભગવાનનો યોગ.
૨. નિષ્કુળાનંદ સ્વામી ગઢડાથી ગઢાળી ચાલ્યા ગયા.
૩. પર્વતભાઈની માનસી પૂજા.

**(વિભાગ - ૩ નિબંધ)**

**પ્ર.૧૩. નીચેનામાંથી કોઈ પણ એક વિષય પર આશરે ૬૦ લીટીમાં નિબંધ લખો.** ૨૦

૧. સેવા - અંતર સાફ કરવાની સાવરણી.
૨. સંસ્કૃતિના આધાર સ્તંભો - મંદિર, સંત અને શાસ્ત્ર.
૩. ઘરસભા - સબ દર્દોકી એક દવા.

❁ ❁ ❁